જુલાઇ 2007

નાણાંકીય શિક્ષા શ્રેણી

અંક-1

# રાજુ અને પૈસાનું ઝાડ



ભારતીય રિઝર્વ બૅંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in



રાજુના સાહસો દ્વારા આ કોમિક આપણને બેંકોનું મહત્વ અને નાણાં બેંકમાં જમા કરવાથી વધે છે તે સમજાવે છે.
રાજુના સાહસોની આ ગાથા www.rbi.org.in/financialeducation પર પણ ઉપલબ્ધ છે.




ભારતીય રિઝર્વ બેંક, નવી દિલ્હી દ્વારા જુલાઇ 2007માં પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઇ છે

વધુ વિગત માટે અથવા આ કોમિક પુસ્તિકા મંગાવવા લખો :


ભારતીય રિઝર્વ બેંક
સૂચના કક્ષ
6, સંસદ માર્ગ
નવી દિલ્હી -110001
ફોન : 011-23731463
ઇ-મેઇલ :infocellnewdelhi@rbi.org.in


રાજુ અને પૈસાનું ઝાડ
રાજુ ખૂબ આળસુ હતો. આખો વખત વખત સૂવામાં અને અમીર બનવાના સ્વપ્નામાં ખોવાયેલો રહેતો હતો.
રાજૂ અને એની વૃદ્ધ મા એક ગામમાં રહેતા હતા.
એની મા દિવસ રાત કામ કરીને મહામહેનતે બે વખતના રોટલા માટે પૈસા રળતી હતી.
એક દિવસ રાજુએ એક સ્વપ્ન જોયું. જેમાં ઝાડ પર પૈસા ઉગતા હતા.
વાહ, શું ઝાડ છે ! જો મને આવું ઝાડ મળી જાય તો હું કેટલો અમીર બની જાઉં !




એ તરત પૈસાવાળા ઝાડની શોધમાં ઘેરથી નીકળ્યો.
ખાધાપીધા વગર એ રાતદિવસ...
...ઝાડની શોધમાં ચાલતો જ રહ્યો.
એક દિવસ એ એક ઝાડ નીચે થાક ઉતારવા બેઠો અને હમેશની જેમ સૂઈ ગયો.
એટલામાં અચાનક એક વૃદ્ધ માણસે તેને ઉઠાડ્યો. આ વૃદ્ધ માણસ રાજુને તેની આંખમાં આંખ પરોવીને નીરખતો હતો.
તમે કોણ છો ?
લોકો મને ગોપીકાકા કહીને બોલાવે છે, પણ તું કોણ છે ? અને આટલો થાકેલો કેમ લાગે છે ?
હું રાજુ છું અને યાત્રાએ નીકળ્યો છું.
તું ક્યાં જાય છે ?
હું એવા એક ઝાડની શોધમાં નીકળ્યો છું જેના પર પૈસા ઉગે છે.
શું ? કોઈ આટલો બુદ્ધુ કેવી રીતે હોઇ શકે?



પણ રાજુ પરેશાન હતો અને વૃદ્ધ માણસે રાજુને માટે કંઇક કરવાનું નકી કર્યું.
ચિંતા નહીં કર. તું સાચી જગ્યાએ આવ્યો છે. હું તને થોડા બી આપું છું.
તું આ બી તારા ઘરે લઇ જા અને તેને તારા બાગમાં વાવ.
એમાંથી છોડ ઉગશે. તારે બધા છોડની સારી સંભાળ લેવી પડશે. પછી એ મોટા થશે અને એમાંથી ઝાડ બનશે જેના ઉપર પૈસા ઉગશે.
પરંતુ યાદ રાખજે આ વાત કોઇને કહેતો નહીં. નહીં તો આ બીની બધી શક્તિ ખલાસ થઇ જશે.
રાજુ ખૂબ ખુશ થયો. રાજુએ વિચાર્યું કે વૃદ્ધ માણસ જરૂર કોઇ દેવદૂત છે જેણે એને જેના પર પૈસા ઉગે છે એવું ઝાડ શોધી આપ્યું.
તમે અમારે ઘેર જરૂર આવજો. મા તમારા જેવા દેવદૂતને મળીને ખુશ થશે.
ચિંતા નહીં કર. એક વર્ષ પછી આ ઝાડ મોટું થશે, ત્યારે હું તારા ગામમાં આવીશ.
રાજુએ એ વૃદ્ધનો સહાયતા માટે આભાર માન્યો અને પોતાને ગામ જવા નીકળ્યો.


રાજુની મા દીકરાને પાછો આવેલો જોઇ ખૂબ ખુશ થઇ.
પછી એણે પેલા વૃદ્ધે આપેલા બી વાવી દીધા.
રાજુ દરરોજ બગીચામાં પાણી સીંચતો અને એની દેખરેખ રાખતો હતો. થોડા સમય પછી ત્યાં છોડ ઉગ્યા.
પણ રાજુ હવે બદલાઇ ગયો હતો. એ સીધો પોતાના બગીચામાં ગયો અને એમાં વર્ષોથી બેદરકારીને કારણે ઉગેલા જંગલી છોડવા ઉખાડી ફેંકી દીધા.
એક વરસ થયું અને છોડમાંથી વૃક્ષ બન્યું, પણ એના પર રૂપિયાનું નામ નિશાન નહોતું. રાજુ ખૂબ દુઃખી થયો.
પેલો વૃદ્ધ માણસ મને કેમ છેતરી ગયો ? મને એમ લાગે છે કે મારી મહેનત નકામી ગઇ. આ વૃક્ષ પર તો માત્ર પાંદડાં જ છે, પૈસા ક્યાં છે ?

પછી ઋતુ બદલાઇ. વૃક્ષ પર ફુલો ઉગ્યાં. રાજુએ આવાં ફુલો ક્યારેય પણ જોયા નહોતા. એની સુગંધ દૂર સુધી પ્રસરતી હતી.



આખા ગામમાં રાજુના ફુલોની ચર્ચા થવા લાગી.



ગામનો એક વેપારી રાજુના ફુલોને શહેરમાં વેચવા માંગતો હતો. એણે થોડા ફુલ ખરીદ્યા અને રાજુને સારા એવા પૈસા આપ્યા.



ઝાડ પર બચેલા ફુલો ફળ બન્યા તે પણ એણે વેપારીને સારી કિંમતે વેચ્યા.




રાજુ રાતોરાત અમીર બની ગયો. પછી એને પેલા વૃદ્ધ માણસની યાદ આવી. તો એ વૃદ્ધ માણસ સાચું જ કહેતો હતો. ખરેખર પૈસા ઝાડ પર ઉગે છે. પણ હવે આ પૈસાનું હું કરું શું ?
એણે પોતાના જૂના ઘરની મરમ્મત કરાવી. પોતાને અને માને માટે નવાં કપડાં ખરીદ્યાં.
તો પણ હજી ઘણા પૈસા બચ્યા.
રાજુએ એ પૈસા ભવિષ્ય માટે સંભાળીને રાખવાનો નિર્ણય કર્યો.
એણે એ પૈસા એક ડબ્બામાં બંધ કરીને ઘરમાં મૂકી દીધાં.
પણ એક દુર્ઘટના બની ગઇ. એના બધા પૈસા ઉંદરો ખાઇ ગયા.



રાજુ ખૂબ ઉદાસ થઇ ગયો. રાજુને ઉદાસ જોઇ એની માએ એને સાંત્વન આપવાની કોશિશ કરી.
માએ રાજુને કહ્યું કે એ વૃદ્ધને મળવાની કોશિશ કરે, કદાચ એ જ રાજુને મદદ કરે.
સંજોગવશાત્ બીજા જ દિવસે એ વૃદ્ધ રાજુને ઘેર આવ્યો.
રાજુએ એને બધી વાત કરી. કેવી રીતે છોડ વૃક્ષ બન્યું, કેવી રીતે વૃક્ષ પર ફુલ આવ્યાં અને કેવી રીતે એને વેચીને તેણે પૈસા કમાવ્યા, કેવી રીતે પૈસા ભવિષ્ય માટે બચાવી ડબ્બામાં મૂક્યા અને કેવી રીતે ઉંદરો ડબ્બામાંના પૈસા ખાઇ ગયા.
વૃદ્ધ માણસ હસવા લાગ્યો. રાજુ આશ્ચર્યચકિત થઇ ગયો.
તો ઉંદરો તારી મહેનતની કમાણી ખાઇ ગયા ?
હા, મારી જ ભૂલ હતી કે મેં પૈસા ડબ્બામાં મૂક્યા. પૈસા ડબ્બામાં મૂકતાં પહેલાં ઉંદરોને માર્યા હોત તો હું આ પૈસા ગુમાવત નહીં.
ના, છતાં પણ તું પૈસા ગુમાવત જ. તું ઉંદરને તો મારત પણ જો કોઇ ચોર તારા પૈસા ચોરી ગયો હોત તો ?
ઘરમાં બધા પૈસા રાખવામાં હમેશા જોખમ છે.


તો હું શું કરું ? મારા પૈસા સુરક્ષિત રાખવાની બીજી તો કોઇ જગ્યા જ નથી.
બહુ સરળ છે.તું તારી બચત એક બેંકમાં રાખ.
બેંક ? આ બેંક વળી શું છે ?
બેંક એક એવી જગ્યા છે, જ્યાં તમારા પૈસા સુરક્ષિત રીતે જમા રહે છે. આ તારો ગલ્લો છે એમ જ સમજ.
બેંક
બેંકમાં તારા પૈસાની સાથે ઘણાં લોકોનાં પૈસા સુરક્ષિત હોય છે.
દરેકને એક પુસ્તિકા અપાય છે જેમાં એના કેટલા પૈસા બેંકમાં છે તે દર્શાવાય છે.


આપણાં દેશમાં ઘણી બધી બેંકો છે. એવી એક બેંક તારા નજીકનાં ગામમાં પણ છે. તું કેમ એ શોધી કાઢતો નથી ? એ બેંક સ્કુલ પાસે છે.
ઓ .. પેલી પીળા રંગની ઇમારત ? શું એ બેંક છે ? મેં એ ઘણી વખત બહારથી જોઇ છે. હું હમેશા વિચારું છું કે ત્યાં શું છે ?
એમાં આશ્ચર્ય પામવા કરવા જેવું કંઇ નથી. બેંકમાં તારા મારા જેવાં માણસો કાઉન્ટર પર બેસીને કામ કરે છે. તું ત્યાં જઇને તું પૂછી શકે છે કે પૈસા સુરક્ષિત રાખવા માટે બેંકમાં નાણાં કઇ રીતે જમા કરવા જોઇએ ?
જમા
વિડ્રાલ
તેઓ તને બેંકમાં ખાતું ખોલવા માટેની બધી માહિતી આપશે.બેંકમાં એક રજીસ્ટર હોય છે,આ રજીસ્ટરમાં જમા કરનારનું નામ તથા એન્ટ્રી હોય છે. જેનાથી ખબર પડે કે એણે કેટલા પૈસા બેંકમાં ભર્યા છે.
હું તમને મદદ કરી શકું?
એ તને ખાતું ખોલવા માટે ફોર્મ આપશે. જો તને લખતા વાંચતાં નહીં આવડે તો એ ફોર્મ ભરવામાં પણ તારી મદદ કરશે.
બેંકમાં એકવાર ખાતું ખોલ્યા પછી તું એમાં પૈસા જમા કરાવી શકશે.
જમા | વિડ્રાલ


હું પૈસા તો જમા કરાવી શકીશ ...
...પણ પછી બીજે દિવસે મને એની જરૂર પડી તો ?
તો તું બેંકમાં જઇ તારા ખાતામાંથી પૈસા ઉપાડી શકે છે. તું પૈસા જમા કરાવે કે ઉપાડે એના બધો હિસાબ બેંક રાખશે, જેથી કરીને તારે ક્યારે પણ જાણવું હોય કે તારા કેટલાં પૈસા બેંકમાં જમા છે, તો તું જાણી શકશે.
આ બધી જાણકારી પાસબુકમાં પણ નોંધેલી હોય છે, જે બેંક તને આપશે. તારે ફીકર કરવી નહીં.
પાસ બુક
બેંક ..
એ/સી ન
પણ મને એ તો કહો કે બેંકમાં નાણાં કેટલાં સુરક્ષિત છે? જો બેંક ચલાવનાર બીજા જ દિવસે ગામ છોડીને ગાયબ થઇ જાય તો ?


બેંકમાં રાખેલાં નાણાં ખૂબ સુરક્ષિત હોય છે.
ક ખ ગ બેંક
ફાયદા ? જેવા કે ..
સરકારી સંસ્થાઓ બેંક ચલાવનારા પર હંમેશા નજર રાખે છે. આથી રાતોરાત એમ નાણાં ગાયબ નહીં થઇ જાય, પણ બેંકમાં નાણાં રાખવાના ઘણાં ફાયદા છે.
...બેંકમાં તારા નાણાં એમ જ નથી પડ્યા રહેતા. એ નાણાં પર તને વ્યાજ મળે છે. આથી તારા નાણાં વધતા જાય છે. થોડા સમય પછી તારા ખાતામાં વધુ નાણાં હશે.
બેંક આ બધું કેવી રીતે કરે છે ? એની પાસે પણ એવું ઝાડ છે કે શું જેના પર ખરેખર પૈસા ઉગે છે ?


આ ઘણું સહેલું છે. આપણે જે નાણાં બેંકમાં જમા કરીએ બેંક એને ખરીદી કરવા કે વ્યાપાર કરવા જેને નાણાંની જરૂર હોય એવી વ્યક્તિઓને ઉધાર રૂપે આપે છે.
બેંક ઉધાર આપેલા નાણાં પર વ્યાજ લે છે. એ વ્યાજના પૈસામાંથી થોડાં પોતાની પાસે રાખે છે અને થોડા તને આપે છે. આમ બેંકમાં રાખેલા પૈસા કમાણી કરે છે.
આ તો બહુ સારું છે. આમાં મારાં પૈસા સુરક્ષિત રહે છે અને એના પર મને વ્યાજ પણ મળે છે. હવે મને એક બીજી વાત કહો. હમણાં મેં સાંભળ્યું છે કે મારા મિત્ર શ્યામુએ એક ટ્રેક્ટર ખરીદવા બેંકમાંથી લોન લીધી છે.
શું હું પણ લોન લઇ શકું ?


હા, જરૂર, તું પણ બેંકમાંથી લોન લઇ શકે છે.
એ પૈસામાંથી બી  અને ખાતર લે.  પછી તારા બગીચામાં ફળ અને શાકભાજી વાવ અને એ બજારમાં વેચી એમાંથી પૈસા કમા.
આ પૈસાથી તેં લીધેલી બેંકની લોન તું પરત પણ કરી શકશે
અને બચેલા પૈસા તારા બેંકના ખાતામાં જમા કરાવી શકશે.


મારા મનમાં એક બીજો પ્રશ્ન આવ્યો. મારી સાથે મારી મા પણ રહે છે. હું એને માટે પણ થોડા પૈસા બાજુએ મૂકવા માગું છું. શું એ પણ બેંકમાં ખાતું ખોલાવી શકે છે ?
હા, કેમ નહીં ? એના નામનું એક જુદું ખાતું ખોલાવી શકે છે, જેમાં એ પોતાના પૈસા જમા કરાવી શકે છે અથવા તો તું તારા ખાતામાંથી એના ખાતામાં પૈસા જમા કરાવી શકે છે.
તું તારા ખાતામાં એનું નામ ઉમેરી સંયુક્ત ખાતું પણ ખોલાવી શકે છે.


પણ તારે એ યાદ રાખવું જોઇએ કે...
...ખાતું તારું કે તારી માનું, જુદું કે સંયુક્ત હોય, તો પણ તારે એવી એક વ્યક્તિ જરૂર પસંદ કરી રાખવી કે...
...તમારા બંનેમાંથી કોઇ પણ એક વ્યક્તિની સાથે કંઇ દુર્ઘટના થાય તો એ સ્થિતિમાં એને તને નામે બધા પૈસા છોડમૂકી જઇ શકો.
રાધા
આવી વ્યક્તિને "નોમિની" કહેવાય.


હું ભગવાનનો એ દિવસ માટે આભાર માનું છું કે જે દિવસે તમે મને મળ્યા.
તમે મને પૈસાના ઝાડનું રહસ્ય સમજાવ્યું અને નાણાં સુરક્ષિત કેવી રીતે રાખવા એ પણ સમજાવ્યું. હું મારી માને કાલે જ બેંકમાં ખાતું ખોલવા લઇ જવાનો છું.




કથા : મનોજ અને શૈલજા
ચિત્ર :અનુપમ શર્મા
અનુવાદ : પ્રેસ સંપર્ક ડીવીઝન

## ભારતીય રિઝર્વ બેંક

## RESERVE BANK OF INDIA

www.rbi.org.in/financialeducation


- **કોપી રાઇટ**

  આ પુસ્તિકાનું પુનર્મુદ્રણ મૂળ સ્ત્રોત ટાંકીને કરી શકાય છે.


- **દાવો**

  નાણાંકીય શિક્ષણ પ્રવૃતિ ભારતીય રિઝર્વ બેંકે આમ જનતાની સામાન્ય જાણકારી અને માર્ગદર્શન માટે શરૂ કરી છે. વાંચકોએ જાણી-પરખીને પોતાનો નિર્ણય લેવો.